C.C.No.740/2000.

| GJRJ050001662002 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૧૩/૦૪/૨૦૦૦. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૧૩/૦૪/૨૦૦૦. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૮/૦૪/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૨૬ ૦ ૫ |

**મહે.જેતપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની**

**કોર્ટમાં, મુ.જેતપુર.**

**ફોજદારી કેસ નં.૭૪૦/૨૦૦૦.**

**જે.સી.ગુ.ર.નં.૯/૧૯૯૮.**

**આંકઃ-**

**ફરિયાદીઃ-** **શ્રી સરકાર.**

**//વિરુદ્ધ//**

**આરોપીઃ-** કીરીટભાઈ નટવરલાલભાઈ સોની પાટડીયા ઉ.વ.૪૬
રહે.વિસાવદર નવાપરા સોસાયટી
વિસાવદર.

---

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.
આરોપી તર્ફે સી.આર.પી.સી.૨૯૯ મુજબ હુકમ.

---

---

ઈન્ડિયન પીનલ કોડની કલમ-૪૦૬, ૪૨૦ મુજબ.

---

**//ચુકાદો//**

(૧) આ કેસમાં આરોપી સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) આ કેસમાં ફરિયાદપક્ષની ટૂંકમાં એવી હકીકત છે કે,તા.૩/૧૨/૯૮ ના રોજ ફરીયાદીની દુકાનમાં સોના ચાંદીના દાગીના ગલેટ ચડાવવા માટે આપેલ જેને સોનાનું બીસ્કીટ આપેલ પાવડર બનાવવા રૂ.૬૧,૯૧૫/- નો રોકડ તથા સોનાના બીસ્કીટ નો પાવડર લઈ ગયેલ અને ફરીયાદમાં રોકડ રકમ આપેલ તેનું મશીનરી લીધેલ જે ફરીયાદીની દુકાનમાં.., આરોપીએ ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો કરેલ છે.

(૩) આ કામે આરોપીને વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી હાજર રહેતા ન હોય તેમજ સદર કામ ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ, આથી ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષ્યમાં લઈ આંક-૦૧ નીચે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ અને આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

## //મૌખિક પુરાવો//

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ બીપીનચંદ્ર જયંતીલાલ ગાંધીની જુબાની | ૦૩ |
| ૨. | પંચસાહેદ અનીલકુમાર મોહનલાલ લાઠીપરાની જુબાની | ૦૫ |
| ૩. | સાહેદ રતીલાલ સરામભાઈ કલોતરાની જુબાની | ૦૬ |
| ૪. | સાહેદ કીરીટભાઈ જેસુખભાઈની જુબાની | ૧૫ |

## //દસ્તાવેજી પુરાવો//

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૦૪ |

(૫) ફરિયાદપક્ષે પુરાવો પૂરો થયેલાનું જાહેર કરતા ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો પડતો ન હોય તેમજ આરોપી તર્ફે સી.આર.પી.સી.૨૯૯ મુજબ હુકમ થયેલ હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રીશ્રીને સાંભળ્યા.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

**(૧)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામનાં તા.૩/૧૨/૯૮ ના રોજ ફરીયાદીની દુકાનમાં સોના ચાંદીના દાગીના ગલેટ ચડાવવા માટે આપેલ જેને સોનાનું બીસ્કીટ આપેલ પાવડર બનાવવા રૂ.૬૧,૯૧૫/– નો રોકડ તથા સોનાના બીસ્કીટ નો પાવડર લઈ ગયેલ અને ફરીયાદમાં  રોકડ રકમ આપેલ તેનું મશીનરી લીધેલ જે ફરીયાદીની દુકાનમાં.., ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો કરેલ છે?

**(૨) શું હુકમ ?**

(૮) ઉપરોક્ત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નીચે મુજબના મારા નિર્ણયો છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

**//કારણો//**

**મુદ્દા નં–૧.**

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ફરિયાદપક્ષની હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે. આરોપી સામે લગાવવામાં આવેલ તહોમત અંગેની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>ઈન્ડિયન પીનલ કોડની કલમઃ-૪૦૬.</u>**

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના અંગત ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દીધી,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ,

૫. આરોપીએ આવુ કૃત્ય અમલ કરવાની પદ્ધતિ દર્શાવતા કાનૂની આદેશ વિરુદ્ધ કર્યુ અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે મિલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભિત કાનૂની કરારના આદેશનુ ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યું.

**<u>ઈન્ડિયન પીનલ કોડની કલમઃ-૪૨૦.</u>**

૧. આરોપીઓએ ફરિયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીઓએ આવુ કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ,

૩. આરોપીઓએ અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યકિતને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કિંમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી ચીજ જેને કિંમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપુર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી અથવા ૪. આરોપીઓએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણિકપણે લલચાવી.

(૧૧) રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતાં, ફરિયાદપક્ષે આ કામના પંચસાહેદ બીપીનચંદ્ર જયંતીલાલ ગાંધીને આંક–૦૩થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે તેઓ ફરીયાદી જગદીશભાઈ હરસુખભાઈને ઓળખે છે તેઓ અવસાન પામેલ છે જગદીશભાઈની દુકાન તેમની દુકાન પાસે આવેલ હતી. જગદીશભાઈએ તેમની હાજરીમાં કોઈ જગ્યા બતાવેલ હોય તેવું બનેલ નહી, પંચનામાની નકલ બતાવામાં આવે છે તેમાં તેમની સહી ઓળખી બતાવે છે જે આંક–૪ થી રજુ છે. સદર પંચસાહેદને એપીપીશ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ હકીકત જણાવેલ નથી.

ત્યારબાદ આ કામે પંચસાહેદ અનીલભાઈ મોહનલાલ લાઠીપરાને આંક–૦૫ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓ ફરીયાદી જગદીશભાઈ હરસુખભાઈને ઓળખે છે તેઓ અવસાન પામેલ છે જગદીશભાઈની દુકાન તેમની દુકાન પાસે આવેલ હતી. જગદીશભાઈ સાથે છેતરપીંડી થયેલ કોણે છેતરપીડી કરેલ તે હાલ તેમને યાદ નથી. છેતરપીંડીમાં સોનાનો ગીલેટ કરવાનો પાવડર બનાવવાનું જણાવી સોનું લઈને જતાં રહેલ. પોલીસે જગદીશભાઈની દુકાને બોલાવેલ અને પંચનામું તેમની હાજરીમાં કરેલ આંક–૦૪ થી રજુ પંચનામાં સહી ઓળખી બતાવે છે. સદર પંચસાહેદને એપીપીશ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૨) ત્યારબાદ સાહેદ રતીલાલ સરામભાઈ કલોતરાનાઓની આંક–૦૬ની જુબાની જોતાં, આ કામના ફરિયાદી જગદીશભાઈ હરસુખભાઈને ઓળખે છે. જગદીશભાઈની દુકાને નોકરી કરતો હતો. ફરિયાદી જગદીશભાઈ અવસાન પામેલ છે. કીરીટભાઈને ઓળખે છે. કીરીટભાઈ વીસાવદરના હતા. કીરીટભાઈએ સોનાનો પાવડર બનાવવાનું ચાલુ કરેલ અને ગામે ગામ વેચવા જતા હતા. કીરીટભાઈ જગદીશભાઈની પેઢીમાં નોકરી કરતા હતા કે કમીશનથી કામ કરતા હતા તેની ખબર નથી. કીરીટભાઈ સોનાનો પાવડર જગદીશભાઈની દુકાનમાં બનાવતા હતા. કીરીટભાઈ ગામે ગામ વેચવા જતા હતા. કીરીટભાઈ પાવડર વેચવા ગયેલ અને પરત આવેલ નહી. કીરીટભાઈ કેટલો પાવડર લઈ ગયેલ તેની ખબર નથી. જગદીશભાઈએ ફરિયાદ કરેલ. પોલીસે પુછપરછ કરેલ. કીરીટભાઈ કોર્ટમાં હાજર નથી. આરોપી કયાં રહે છે તેની તેમને ખબર નથી. આરોપી મળી આવતા ન હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૯૯ અન્વયે પુરાવો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૧૫થી સાહેદ કીરીટભાઈ જેસુખભાઈને સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં સને ૨૦૦૦ માં શું બનેલ તેની તેમને ખબર નથી સદર કેસ વિશે તેઓ જાણતા ન હોવાની હકીકત જણાવતાં તેઓને એપીપીશ્રીએ ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૩) સમગ્ર પુરાવો જોવામાં આવે તો, આ કામની ફરિયાદ આપનાર ફરિયાદી મરણ પામેલ છે તેમજ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. તેમજ સાહેદ રતીલાલ કલોતરાના પુરાવા ઉપરથી એ હકીકત ફલીત થતી નથી કે ફરીયાદી સાથે હાલના આરોપીએ વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરેલ. આમ, સદર કેસનો રેકર્ડ ધ્યાને લેતાં આ કામે ફરીયાદ દાખલ થયા પછી અને પ્રોસેસ ઈસ્યુ થયા પછી  સાહેદો હાજર રહેલ નથી અને તેમનો પુરાવો નોંધવા માટે ફરીયાદમાં જણાવેલ સરનામે તેઓને સમન્સ કરતાં મળી આવેલ નથી. પરત થયેલ પ્રોસેસ મુજબ જોઈએ તો તેઓ નિકટના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શક્યતા જણાતી નથી. સદરહું કામમાં જયારે ફરીયાદી મરણ પામેલ હોય  ત્યારે સદર કેસ મુલત્વી રાખવું ન્યાયોચિત જણાતું નથી. સદરહું કામ સને-૨૦૦૦ માં નોંધવામાં આવેલ છે.  જેથી ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભે જયારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષી દ્વારા જ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેની વધુ કાર્યવાહી ન કરતા ફરિયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

વધુમાં આ સંદભે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Sat Paul Vs. Delhi Administration . 1976 1 SCC 727*** માં નીચે મુજબ ઠરાવેલ છે,

*(SCC pp. 745-46, para 52)*

*“From the above conspectus, it emerges clear that even in a criminal prosecution when a witness is cross-examined and contradicted with the leave of the court, by the party calling him, his evidence cannot, as a matter of law, be treated as washed off the record altogether. It is for the Judge of fact to consider in each case whether as a result of such cross-examination and contradiction, the witness stands thoroughly discredited or can still be believed in regard to a part of his testimony. If the Judge finds that in the process, the credit of the witness has not been completely shaken, he may, after reading and considering the evidence of the witness, as a whole, with due caution and care, accept, in the light of the other evidence on the record, that part of his testimony which he finds to be creditworthy and act upon it.* ***If in a given case, the whole of the testimony of the witness is impugned, and in the process, the witness stands squarely and totally discredited, the Judge should, as a matter of prudence, discard his evidence in toto.”***

આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભે જયારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષી દ્વારા જ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેની વધુ કાર્યવાહી ન કરતા ફરિયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જયારે હાલના કેસમાં ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતો કોઈપણ પુરાવો રજૂ થયેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેના આક્ષેપિત ગુનામાં આરોપીને પોતાના બચાવ

માટેનો લાભ મળે છે. જેથી ફરિયાદપક્ષના સાહેદ દ્વારા રજૂ થયેલ પુરાવાઓ દ્વારા આરોપી સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું ન હોય ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

૧. આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૪૦૬, ૪૨૦ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે.

૩. ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ ૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) મુજબ આરોપી ની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૮, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૮/૦૪/૨૦૨૬.
મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**જેતપુર**
**UIC–GJ01563.**

Typed by:– K.M.Vaja
Gujarati Stenographer